દાખલ તા:– ૨૨–૦૬–૨૦૧૬
નોંધ્યા તા.:– ૨૨–૦૬–૨૦૧૬
ફેસલ તા.:– ૨૩ –૧૦–૨૦૧૮
સમયગાળો:–વર્ષ–માસ–દિવસ
૦૨ ૦૪ ૦૧

અમદાવાદના મહે. અધિક ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કોર્ટ નં.–૩૫ માં

<u>ફો.કે.નં. ૧૩૨૭–૨૦૧૬</u>
આંક–૨૦

ફરીયાદી: કે.એમ. ટેક્ષટાઈલ્સના પ્રોપરાઈટર
કનૈયાલાલ દીપચંદ દાસાણી
ઠે: શોપ નં .પર, સેલર ઘનશ્યામ કોમ્પ્લેક્ષ,
બી.બી.સી માર્કેટની સામે,પાંચ કુવા,અમદાવાદ,
રહે:ઈ–૯૫ ,રાજાવીર મંદિર ,
કુબેરનગર,અમદાવાદ

વિરૂધ્ધ

આરોપી: ૧. કોમલ દેવાનંદ દાસાણી
૨. દેવાનંદ ચોઈથરામ દાસાણી
૩. વિશાલ એમ્પોરિયમ
તમામ ઠે: શોપ નં.૧૧૯ ,પાંચ કુવા,
સીંધી માર્કેટ, સારંગપુર,અમદાવાદ.

ગુનો:–નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો...

ફરીયાદપક્ષે વિ.વ.શ્રી આર.એસ.ભટ્ટ

આરોપીપક્ષે વિ.વ. શ્રી એમ.એમ.શેખ

–:: જ જ મે ન્ટ ::–

૧. આ કામના ફરીયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી કે.એમ. ટેક્ષટાઈલ્સના પ્રોપરાઈટર તરીકે ગારમેન્ટસ નો ધંધો કરતા હોય અને આરોપી નં ર નાઓ આરોપી નં ૩ વીશાલ એમ્પોરીયમ ના નામ થી વેપાર કરતા હોય ફરીયાદી પાસેથી ડીસેમ્બર ૨૦૧૪ થી ફેબુઆરી ૨૦૧૫ સુધી માલ ખરીદ કરેલ અને કાયદેસર ના લેવાની પેટે લેવાની રકમ માટે આરોપી નં ૧ એ કે જે આરોપી નં ર ના કાયદેસરના પત્નિ થાય છે તેમને સ્વૈચ્છાએ સહી કરીને દેના બેક કુબેરનગર શાખા નો ચેક નં ૫૦૯૭૩૩ ,તા.૧૩/૦૪/૧૬ નો રૂ.૨,૨૬,૮૧૫/–નો અને ચેક નં ૫૦૯૭૩૪ ,તા.૨૩/૦૪/૧૬ નો રૂ.૨,૩૭,૩૦૦/–નો આપેલ ફરીયાદીએ આરોપીની સુચના મુજબ સદર બન્ને ચેક તેઓની બેન્કમાં સ્વીકારાઈ જવા માટે જમા કરાવતાં સદર બન્ને ચેક અનુક્રમે તા.૨૪–૦૫–૨૦૧૬ના રોજ 'ફન્ડસ ઈનસફિશીયન્ટ'''ના શેરાથી પરત આવેલ. જેથી ફરીયાદીએ તેઓના વિ.વકીલશ્રી મારફતે રજી.એ.ડી. થી તા.૩૦–૦૫–૨૦૧૬ ના રોજ કાનુની નોટીસ આપેલ. સદર આરોપીને બજી ગયેલ હોવા છતા અને ફરીયાદીની લેણી રકમ નહિ ચુકવી આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ–૧૮૮૧, ની કલમ:૧૩૮ સજાને પાત્ર ગુનાહીત કૃત્ય કરેલ હોવાથી હાલની ફરીયાદ તા.૨૨–૦૬–૨૦૧૬ના રોજ નામ. કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

૨. સદરહુ ફરીયાદ રજુ કરતાં ફોજદારી કાર્યરીતિ સંહિતા:૧૯૭૩ની કલમ:૨૦૪ અન્વયે આરોપી નં ૧ સામે સમન્સ કાઢવામાં આવ્યા હતા. જેની ધોરણસરની બજવણી થતાં આરોપી નં ૧ તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થતાં, ફરીયાદની તથા દસ્તાવેજોની નકલો આપી.આરોપી નં ૧ ની પ્લી આંક–૦૬ થી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૧ મુજબ નોંધવામાં આવેલ

હતી.જે અન્વયે આરોપીએ ગુન્હો કબુલ કરવાનો ઈન્કાર કરેલ હોવાથી હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

૩. આ કામે ફરીયાદપક્ષ તરફે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના લેખિત–મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવ્યા છે.

મૌખિક પુરાવા :–

ક્રમ	મૌખીક પુરાવાની વિગત	આંક
૧.	ફરીયાદી કનૈયાલાલ દીપચંદ દાસાણીનું સોગંદનામું	૦૩

દસ્તાવેજી પુરાવાઓ :–

ક્રમ	દસ્તાવેજી પુરાવાની વિગત	આંક
૧	બીલ નં ૭૧,૭૭,૮૧ની કાર્બન કોપી	૦૭
૨	અસલ ચેક નં ૫૦૯૭૩૪	૦૮
૩	અસલ ચેક નં ૫૦૯૭૩૩	૦૯
૪	બીલ નં ૩૪,૩૬,૩૯,૪૪,૪૭,૫૧ ની કાર્બન કોપી	૧૦
૫	કાનુની નોટીસ, તા.૨૭/૦૫/૧૬	૧૧
૬	રજી.એ.ડી.ની સ્લીપ તા.૩૦/૦૫/૧૬	૧૨
૭	આર.પી.એડી.ની એકનોલેજમેન્ટ	૧૩
૮	અસલ ચેક નં ૫૦૯૭૩૪ ,નો રીર્ટન મેમો	૧૪
૯	અસલ ચેક નં ૫૦૯૭૩૩ , નો રીર્ટન મેમો	૧૫

૪. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૬ થી કલોઝીંગ પુરસીસ રજુ થતાં, ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થતાં, ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ:૩૧૩ મુજબનું આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલું જેમાં આરોપીએ, તેમની સામેના પુરાવાઓનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ બચાવના સાહેદ તપાસવાની

તથા સોગંદ ઉપર જુબાની આપવાની ના પાડેલ છે, ત્યારબાદ સદર કામે બન્ને પક્ષોની દલીલ સાંભળવામાં આવેલ છે.

૫. સદર કામે ફરીયાદીના વિ.વકીલશ્રીએ મૌખિક દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામે આરોપી નં ૩ પેઢી એ ફરીયાદીની પેઢી પાસેથી માલ ખરીદ કરેલ જે તમામ બીલમાં માલ મળી ગયા બાબતે આરોપી નં ૨ એ સહી કરેલ છે. અને આરોપી નં ૨ એ તેમના વતી તેમના પત્નિ કે જે આરોપી નં ૧ છે. તેઓની સહી કરેલ ચેક આપેલ જે ચેક ફરીયાદીએ કલીયરીંગ માટે રજુ કરતા 'અપુરતા ભંડોળ' ના કારણસર પરત આવતા ફરીયાદીએ ત્રણેય આરોપીને આર.પી.એડી. થી નોટીસ મોકલેલ જે નોટીસ બજી ગયેલ હોવા છતાં ચેકની રકમ ચુકવી આપેલ નથી તેમજ આરોપી નં ૨ નાઓ માર્કેટમાં દરેક વેપારીને આરોપી નં ૧ નો ચેક આપે છે. જેથી આરોપી નં ૧ એ આરોપી નં ૨ ,૩ વતી લેણું સ્વીકારેલ હોય અને સ્વૈચ્છાએ સહી કરી પોતાનો ચેક આપેલ હોય ફરીયાદ પક્ષ એ પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરેલ હોઈ આરોપીને કાયદા મુજબની સજા કરી ચેકની રકમની બમણી રકમ વળતર તરીકે અપાવવા જણાવેલ છે.

૬. સદર કામે આરોપીના વિ.વકીલશ્રીએ મૌખિક દલીલ કરતાં જણાવેલ છે કે, આરોપીએ ખરીદ કરેલ માલના નાણા ચુકવી આપેલ છે. અને માલ મળ્યા બદલ તમામ બીલમાં ફરીયાદીએ સહી કરી આપેલ છે. જેથી ફરીયાદીનું આરોપીઓ પાસે કોઈ લેણું નીકળતું નથી આમ છતાં ફરીયાદી પાસે આરોપી નો સહી કરેલ કોરો ચેક હોય ફરીયાદીએ કોરા ચેકનો દુરપયોગ કરેલ છે. તેમજ ફરીયાદીએ આરોપી નં ૧ ને નોટીસ મોકલેલ ન હોય જેથી ફરીયાદીની ફરીયાદ ખર્ચ સહિત કાઢી નાખવા અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

૭. બન્ને પક્ષકારોની દલીલો અને કેસનું રેકર્ડ ધ્યાને લેતાં સદર કેસના ન્યાયિક નિર્ણયો માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

<u>નિર્ણયો માટેના કારણો</u>

૯. હાલના કેસમાં ફરીયાદી અને આરોપી વચ્ચેની તકરારને ધ્યાને લેતાં, આરોપીઓએ ફરીયાદીની પેઢી પાસેથી ઉધારમાં માલ ખરીદેલ અને લેણાં પેટે આંક–૦૮ અને ૦૯ મુજબના તકરારી ચેક આપેલ. જે ફરીયાદીએ પોતાની બેન્કમાં કિલીયરીંગ માટે ખાતામાં જમા કરાવતાં, ચેક 'ફન્ડસ ઈનસફિશીયન્ટ'ના શેરાથી પરત થતાં, નોટીસ આપવા છતાં ચેકની રકમના નાણાં ચુકવી નહિ આપતાં હાલની આ ફરીયાદ કરેલ હોવાની તકરાર છે. જેથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ કલમ–૧૧૮ અને ૧૩૯ પ્રમાણેના અનુમાન કરવાના રહે છે અને ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ના તત્વો પુરવાર થાય છે કે કેમ? તે ધ્યાને લેવાના રહે છે. જેથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની નીચે મુજબની જોગવાઈઓને ધ્યાને લેવી અત્યંત જરૂરી છે.

<u>કલમ–૧૧૮ વટાઉ ખત વિષે માની લેવાની બાબત :</u>

એથી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામા આવશે :

(ક) અવેજ વિષે : દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું, અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય , ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું. તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

(ખ) તારીખ વિષે : જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉ ખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

(ગ) સ્વીકારનાર સમય વિષે : સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

(ઘ) તબદીલીના સમય વિષે : કોઈ વટાઉખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

(ચ) શેરાઓના ક્રમ વિષે : કોઈ વટાવ ખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(છ) સ્ટેમ્પ વિષે: ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિષે : કોઈ વટાઉ ખતનો ધારક છે યથાક્રમ ધારક છે એમ માની લેવુ સિવાય કે , તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો

ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી, અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય. ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

<u>કલમ–૧૩૯ ધારકની તરફેણમાં અનુમાન :</u>

જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં આવે નહીં ત્યા સુધી એમ અનુમાન કરવામાં આવશે, કે ચેકના ધારકે કલમ–૧૩૮માં જણાવેલ ચેક, કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારીને પૂરેપૂરી રીતે અથવા અંશત : દેવા માટે મેળવ્યો હતો.

નોંધ : પાછો ફરેલ એ વર્તમાન દેવું કે જવાબદારી પ્રત્યે હતો તેવું અનુમાન કરવામાં આવશે. એથી વિરૂઘ્ધ પુરવાર કરવાનો બોજો એટલે કે આપેલો ચેક કોઈ દેવા પ્રત્યે કે જવાબદારી પ્રત્યે ન હતો એ ચેકના આપનાર ઉપર છે.

<u>કલમ–૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર:</u>

સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક, એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણકે એ ખાતામાની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી છે, અથવા તો બેંક સાથે સમજૂતી થી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ એ રકમ કરતાં વઘુ છે, ત્યારે, આવી

વ્યકિતએ ગુનો કર્યો ગણાશે, અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને ''બે વર્ષ'' સુધીની કેદની શિક્ષા, અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરવામાં આવશે.

પરંતુ એમ ઠરાવ્યુ છે કે..

(એ) જયાં સુધી, ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદત– એ બેમાંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેંકમા રજુ કરવામાં આવ્યો ન હોય,

(બી) જયાં સુધી, તે ચેકનો પેઈ અથવા તો યથાક્રમધારક, જેમ હોય તેમ, તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેંક તરફથી તેને માહીતી મળ્યાના 'ત્રીસ દિવસ'ની અંદર તે ચેકના લખનારને

લેખીત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી, અને

(સી) જયાં સુધી, એવો ચેક લખનાર, ચેકનાં નાણાં લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમધારકને, જેમ હોય તેમ, ઉપરોકત નોટીસ મળ યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહી, ત્યાં સુધી આ કલમમાંનુ કશું જ લાગુ પડશે નહીં.

ખુલાસો : આ કલમના હેતુઓ માટે દેવું અથવા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

આમ, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮નો ગુનો પુરવાર થવા માટે આવશ્યક શરતો નીચે મુજબ છે.

૧. ચેક પોતાની જવાબદારી પૂરી કરવા આપ્યો હોવો જોઈએ.

૨. ચેક અપૂરતા બેલેન્સને કારણે પરત આવ્યો હોવો જોઈએ.

૩. કલમ–૧૩૮માં જણાવ્યા મુજબ ચેક ધારણ કરનારે ચેક લખનારને ૩૦ દિવસમાં નોટીસ આપી હોવી જોઈએ.

૪. કલમ–૧૩૮માં જણાવ્યા મુજબ નોટીસ બજવાના ૧૫ દિવસોમાં ચેક લખનાર તે રકમ ચૂકવવામા નિષ્ફળ ગયો હોવો જોઈએ.

ઉપરોકત આવશ્યક તત્વો પૂર્ણ થાય તો ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો બન્યાનુ કહેવાય અને ત્યારબાદ ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૯ તથા કલમ – ૧૧૮ મુજબનુ ધારકની તરફેણમાં અનુમાન થાય.

૧૦. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની ઉપરોકત જોગવાઈઓને ધ્યાને લીધા બાદ નામ.સુપ્રિમ કોર્ટના જુગેશસિંઘ સેહગલ વિ. સમશેરસિંઘ ગોગી, ૨૦૦૯ (૫) સુપ્રિમ કોર્ટ પે.નં.૩૨૦ તથા નામ.સુપ્રિમ કોર્ટના રંગપ્પા વિ. શ્રી મોહન (૨૦૧૦) ૧૧ એસ.સી.સી. પે.નં.૪૪૧ તથા નામ.સુપ્રિમ કોર્ટના કિશન રાવ વિ. શંકર ગૌડાના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લઈ, આ કામે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેવામાં આવે તો,

(૧૦.૧) ફરીયાદપક્ષ તરફે ફરીયાદી કનૈયાલાલ દીપચંદ દાસાણીએ આંક–૦૪ થી પુરાવાનું સોગંદનામું રજુ કરેલ જેમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી કે.એમ. ટેક્ષટાઈલ્સના પ્રોપરાઈટર તરીકે ગારમેન્ટસ નો ધંધો કરતા હોય અને આરોપી નં ૨ નાઓ આરોપી નં ૩ વીશાલ એમ્પોરીયમ ના નામ થી વેપાર કરતા હોય ફરીયાદી

પાસેથી ડીસેમ્બર ૨૦૧૪ થી ફેબ્રુઆરી ૨૦૧૫ સુધી માલ ખરીદ કરેલ અને કાયદેસર ના લેવાની પેટે લેવાની રકમ માટે આરોપી નં ૧ એ કે જે આરોપી નં ૨ ના કાયદેસરના પતિ થાય છે તેમને સ્વૈચ્છાએ સહી કરીને દેના બેક કુબેરનગર શાખા નો ચેક નં ૫૦૯૭૩૩ ,તા.૧૩/૦૪/૧૬ નો રૂ.૨,૨૬,૮૧૫/–નો અને ચેક નં ૫૦૯૭૩૪ ,તા.૨૩/૦૪/૧૬ નો રૂ.૨,૩૭,૩૦૦/–નો આપેલ ફરીયાદીએ આરોપીની સુચના મુજબ સદર બન્ને ચેક તેઓની બેન્કમાં સ્વીકારાઈ જવા માટે જમા કરાવતાં સદર બન્ને ચેક અનુક્રમે તા.૨૪–૦૫–૨૦૧૬ના રોજ 'ફન્ડસ ઈનસફિશીયન્ટ'''ના શેરાથી પરત આવેલ. જેથી ફરીયાદીએ તેઓના વિ.વકીલશ્રી મારફતે રજી.એ.ડી. થી તા.૩૦–૦૫–૨૦૧૬ ના રોજ કાનુની નોટીસ આપેલ. સદર આરોપીને બજી ગયેલ હોવા છતા અને ફરીયાદીની લેણી રકમ નહિ ચુકવી આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ–૧૮૮૧, ની કલમ:૧૩૮ અન્વયે સજાને પાત્ર ગુનાહીત કૃત્ય કરેલ હોવાથી હાલની ફરીયાદ દાખલ કરેલ અને આ કામે રજુ કરેલ દસ્તાવેજી આધારોને ધ્યાને લઈ આરોપીને સજા કરવા તથા દંડ કરવા તથા વળતર ચુકવી આપવા જણાવેલ છે.

આરોપીપક્ષ તરફે ફરીયાદીની ઉલટતપાસમાં જણાવેલ છે કે,તેઓ કે.એમ. ટેક્ષટાઈલ્સના પ્રોપરાઈટર ના નામથી ધંધો કરે છે અને સદર પેઢી ગુમાસ્તાધારા હેઠળ નોધણી કરાવેલ છે. તેમજ તેઓના ધંધામાં બીલ બે કોપી માં બનાવવામાં આવે છે જેમાં અસલ બીલ આરોપી પાસે છે અને ડુપ્લીકેટ બીલ આરોપી પાસે છે. તેમજ માલ અંગે ચાર થી પાંચ મહીના પછી બીલના નાણાં લેવાના હોય છે અને મુદત બાદ આરોપીએ ચેક આપેલ છે. તેમજ ચેકમાં તમામ વિગત આરોપીએ પોતાના હસ્તાક્ષરમાં ભરેલ છે. તેમજ આરોપી દેવાનંદ નાઓ કોમલ દાસાણીના ચેક મારકીટમાં આપે છે તેમજ તેઓએ આરોપીને જાણી કરીને ચેક નાખેલ છે. તેવું

જણાવેલ છે.

૧૧. ઉપરોકત ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક પુરાવાને ધ્યાને લઈ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઈ તથા કાયદાની જોગવાઈને ધ્યાનમાં રાખી તથા નામ.સર્વોચ્ચ અદાલતના જુગેશસિંઘ સેહગલ વિ. શમશેરસિઘ ગોગી, ૨૦૦૯(૫) સુપ્રિમ કોર્ટ, ૩૨૦ તથા રંગપ્પા વિ. શ્રી મોહન (૨૦૧૦) ૧૧, સુપ્રિમ કોર્ટ કેસીસ ૪૪૧ તથા કિશન રાવ વિ. શંકર ગૌડાના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો તથા ફરીયાદપક્ષ તથા આરોપીપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ નામ.ઉચ્ચ અદાલતના ચુકાદાઓને તથા તેમાં થયેલ પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોને ધ્યાને રાખી મૂલ્યાંકન કરવામાં આવે તો સૌ પ્રથમ આ કામે તમામ દસ્તાવેજી આધારોને પુરવાર કરવાની શરતે આંક આપેલા અને તમામ દસ્તાવેજી આધારો ફરીયાદપક્ષ ધ્વારા પુરાવાઓમાં રીફર થયેલ હોઈ અને આરોપીપક્ષ ધ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ તમામ દસ્તાવેજી આધારોનો આધાર લઈ બચાવ કરવામાં આવેલ હોઈ, તેના આધારે સમગ્રપણે પુરાવાઓનું મુલ્યાંકન કરતાં ફરીયાદી તરફે રજૂ થયેલ આંક–૦૮ થી રજુ થયેલ તા.૨૩–૦૪–૨૦૧૬ નો ચેક નં.–૫૦૯૭૩૪ નો રુા.૨,૩૭,૩૦૦/–નો આંક–૧૪ ના રીટર્ન મેમા મુજબ તા.૨૫–૦૫–૨૦૧૬ ના રોજ 'ફન્ડ ઈનસફીશીયન્ટ'ના શેરાથી પરત આવેલ હોવાનું સ્પષ્ટપણે જણાવેલ છે અને તે જ રીતે આંક–૦૯ થી રજુ થયેલ તા.૧૩–૦૪–૨૦૧ ૬ નો ચેક નં.–૫૦૯૭૩૩ નો રુા.૨,૨૬,૮૧૫/–નો આંક–૧૫ ના રીટર્ન મેમા મુજબ તા.૨૫–૦૫–૨૦૧૬ ના રોજ 'ફન્ડ ઈનસફીશીયન્ટ'ના શેરાથી પરત આવેલ હોવાનું સ્પષ્ટપણે જણાવેલ છે

૧૨ વધુમાં આંક–૧૧ થી રજુ ડિમાન્ડ નોટીસની નકલને ધ્યાને લેતાં તે નોટીસ

આરોપીને તા.૨૭–૦૫–૨૦૧૬ ના રોજ આપવામાં આવેલ છે. જે નોટીસ આરોપીના ધંધાના સરનામે એ તા.૩૦–૦૫–૨૦૧૬ ના રોજ મોકલવામાં આવેલ હોવાની આર.પી.એડી.ની પહોંચ આંક–૧૨ થી રજુ થયેલ છે અને આંક–૧૩ થી રજુ આર.પી.એ.ડી. ની એકનોલેજમેન્ટ મુજબ આરોપીને નોટીસ બજેલ હોવાની સહી છે.જેથી આરોપીને આર.પી.એડી.થી મોકલેલ નોટીસ બજેલ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે જેથી ફરીયાદીએ આરોપીને કાયદામાં જણાવેલી સમયમર્યાદામાં નોટીસ મોકલેલ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. ત્યારબાદ આ કામના ફરીયાદીએ તા.૨૨–૦૬–૨૦૧૬ ના રોજ હાલની ફરીયાદ દાખલ કરેલ છે, જેથી હાલની આ ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની જોગવાઈ મુજબ સમય મર્યાદામાં છે.

૧૩. વધુમાં ફરીયાદીની ફરીયાદ તથા આંક–૦૪ ના પુરાવાના સોગંદનામામાં જણાવ્યાં મુજબ આરોપી નં ર નાઓ આરોપી નં ૩ વીશાલ એમ્પોરીયમ ના નામ થી વેપાર કરતા હોય ફરીયાદી પાસેથી ડીસેમ્બર ૨૦૧૪ થી ફેબુઆરી ૨૦૧૫ સુધી માલ ખરીદ કરેલ છે વધુમાં ફરીયાદીએ આંક ૦૭ અને આંક ૧૦ થી બીલની કાર્બન કોપી રજુ કરેલ છે. જે દયાને લેતા આંક ૦૭ થી બીલ નં ૭૧,તા.૧૬/૦૨/૨૦૧૫ અને બીલ નં ૭૭ તા. ૨૦/૦૨/૨૦૧૫ અને બીલ નં ૮૧ તા.૨૪/૦૨/૨૦૧૫ ની કાર્બન કોપી રજુ કરેલ છે જે તમામ બીલની નકલ દયાને લેતા તે કે.એમ. ટેક્ષટાઈલ્સ એ વિશાલ એમ્પોરીયમ ને માલ આપેલ હોવું દર્શાવતા બીલ ની નકલ છે. જે ત્રણેય બીલ ની રકમ ની કુલ રકમ રૂ.૨,૨૬,૮૧૫/– ની થાય છે. વધુમાં આંક ૧૦ થી બીલ નં ૩૬,તા.૧૨/૦૧/૨૦૧૫ અને બીલ નં ૩૯ તા.૧૫/૦૧/૨૦૧૫ અને બીલ ન ૪૪ તા.૨૧/૦૧/૨૦૧૫ અન ેબીલ નં તા.તા.૨૬/૦૧/૨૦૧૫ અને બીલ નં ૫૧ તા.૩૦/૦૧/૨૦૧૫ ની

કાર્બન કોપી રજુ કરેલ છે જે તમામ બીલની નકલ દયાને લેતા તે કે.એમ. ટેક્ષટાઈલ્સ એ વિશાલ એમ્પોરીયમ ને માલ આપેલ હોવાનું દર્શાવતા બીલ ની નકલ છે. જે છ બીલ ની રકમ ની કુલ રકમ રૂ.૨,૩૭,૩૦૦/– ની થાય છે. વધુમાં ફરીયાદીની ઉલટતપાસમાં ફરીયાદી એ જણાવેલ છે કે બીલમાં માલની વિગતમાં શુટ જણાવેલ છે અને માલનું અસલ બીલ અને અસલ ડીલીવરી ચલણ આરોપી પાસે છે. અને તેની કોપી પોતાની પાસે હોવાનું જણાવેલ છે. વધુમાં આરોપીપક્ષની દલીલ છે કે આરોપી દેવાનંદ એ માલના તમામ નાણા ચુકવી દીધેલ છે. આમ રજુ થયેલ પુરાવાઓને દયાને લેતા આ કામના આરોપી દેવાનંદ ની પેઢી વિશાલ એમ્પોરીયમ એ આ કામના ફરીયાદીની પેઢી કે.એમ. ટેક્ષટાઈલ્સ માંથી માલ ખરીદ કરેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે.

૧૪. વધુમાં ફરીયાદી ની નોટીસ તથા આંક ૦૩ ના પુરાવાના સોગંદનામા મુજબ કાયદેસર ના લેવાની પેટે લેવાની રકમ માટે આરોપી નં ૧ એ કે જે આરોપી નં ૨ ના કાયદેસરના પત્નિ થાય છે તેમને સ્વૈચ્છાએ સહી કરીને દેના બેક કુબેરનગર શાખા નો ચેક નં ૫૦૯૭૩૩ ,તા.૧૩/૦૪/૧૬ નો રૂ.૨,૨૬,૮૧૫/–નો અને ચેક નં ૫૦૯૭૩૪ ,તા.૨૩/૦૪/૧૬ નો રૂ.૨,૩૭,૩૦૦/–નો આપેલ ફરીયાદીએ આરોપીની સુચના મુજબ સદર બન્ને ચેક તેઓની બેન્કમાં સ્વીકારાઈ જવા માટે જમા કરાવતાં સદર બન્ને ચેક અનુક્રમે તા.૨૪–૦૫–૨૦૧૬ના રોજ 'ફન્ડસ ઈનસફિશીયન્ટ'''ના શેરાથી પરત આવેલ તેવું જણાવેલ છે. અને ફરીયાદીની ઉલટતપાસમા ફરીયાદીએ જણાવેલ છે કે આરોપી આપેલ ચેકમાં તમામ વિગત આરોપીએ પોતાના હસ્તાક્ષરમાં ભરેલ છે. અને આરોપી કોમલ દેવાનંદ દાસાણી નાઓ વિશાલ એમ્પોરીયમ ના માલીક નથી જો કે સાહેદ એ જણાવેલ છે કે આરોપી દેવાનંદ , કોમલ દાસાણી ના ચેક માકેર્ટમાં આપે છે.

વધુમાં આંક ૦૮ થી રજુ ચેક નં ૫૦૯૭૩૪ ,તા.૨૩/૦૪/૧૬ નો રૂ.૨,૩૭,૩૦૦/-નો કે.એમ .ટેક્ષ્ટાઈલ ની તરફેણમાં લખાવમાં આવેલ છે અને ચેક લખનાર એ કોમલ દેવાનંદ નામની સહી કરેલ છે. વધુમાં આંક ૦૯ થી રજુ ચેક નં ૫૦૯૭૩૩ ,તા.૧૩/૦૪/૧૬ નો રૂ.૨,૨૬,૮૧૫/-નો કે.એમ .ટેક્ષ્ટાઈલ ની તરફેણમાં લખાવમાં આવેલ છે અને ચેક લખનાર એ કોમલ દેવાનંદ નામની સહી કરેલ છે.વધુમાં આ કામે આંક ૦૬ થી આરોપી કોમલ દેવાનંદની પ્લી લેવામાં આવેલ છે તેમાં આરોપી એ કરેલ સહી તથા આરોપીએ ક્રિ.પો. કલમ ૩૧૩ મુજબ ના વિશેષ નિવેદન માં કરેલ સહી અને આંક ૦૮ અને આંક ૦૯ માં કરેલ સહી અત્યંત એકસમાન છે વધુમાં આંક ૦૮ અને ૦૯ ના ચેકમાં આરોપી કોમલ દેવાનંદ ની સહી નથી તેવો આરોપીનો બચાવ નથી વધુમાં ફરીયાદીની ઉલટતપાસમાં ફરીયાદી એ જણાવેલ છે કે આરોપીએ ચેક આપ્યા બાદ વારંવાર ચેક ન નાખવાનું કહેલ ત્યારબાદ દોઢ મહીના પછી ચેક બેંકમાં નાખેલ છે. આમ આ કામના આરોપી નં ૧ એ આંક ૦૮ અને આંક ૦૯ ના તકરારી ચેક માં સહી કરેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે. વધુમાં આ કામના આરોપી નં ૧ એ પોતાના બચાવમાં સદર તકરારી બંન્ને ચેક પોતાના ખાતાના નથી કે આરોપી નં ૧ એ ફરીયાદીને આપેલ નથી કે આરોપી નં ૧ એ બન્ને તકરારી ચેક આપવા બાબતે આરોપી નં ૨ ને સંમતિ આપેલ નથી તેવો કોઈ બચાવ કરેલ નથી જેથી આરોપી નં ૧ એ આરોપી નં ૨ ની પેઢી વતી આરોપી નં ૨ ની સંમતિ થી જ આંક ૦૮ અને આંક ૦૯ ના તકરારી ચેક આપેલ હોવાની બાબત સ્પષ્ટપણે પુરવાર થાય છે.

૧૫. વધુમાં આરોપી પક્ષની દલીલ છે કે આ કામના આરોપી નં ૧ કોમલ દાસાણીનાઓ વિશાલ એમ્પોરીયમ ના માલીક હોય તેવો કોઈ પુરાવો ફરીયાદીએ રજુ કરેલ નથી.અને આરોપી નં ૧ કોમલબેન એ આ કામના ફરીયાદીની

પેઢી પાસેથી કોઈ માલ ખરીદ કરેલ ન હોય આ કામના ફરીયાદીનું આરોપી નં ૧ સામે કાયદેસરનું કોઈ લેણું નીકળતું ન હોય આરોપી નં ૧ સામે ફરીયાદીએ ખોટો કેસ કરેલ છે. આરોપી પક્ષની આ દલીલ દયાને લઈ રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદીની ઉલટતપાસમાં ફરીયાદીએ જણાવેલ છે કે આરોપી આપેલ ચેકમાં તમામ વિગત આરોપીએ જ પોતાના હસ્તાક્ષરમાં ભરેલ છે. તેમજ આરોપી દેવાનંદ કોમલ દાસાણીના ચેક માર્કેટમાં આપે છે.વધુમાં આરોપી નં ૧ એ પોતાના વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે તેઓના પતિ એ માલના નાણા ચુકવી દીધેલ છે. વધુમાં આ કામે ફરીયાદીએ આંક ૧૧ ની નોટીસ આરોપી નં ૧ ,૨ ને ઘરના સરનામે તથા આરોપી નં ૩ પેઢી ને ધંધાના સરનામે મોકલેલ છે. જો કે આરોપીઓને મોકલેલ નોટીસનો આરોપીઓએ જવાબ આપેલ હોય તેવું રેકર્ડ જોતા જણાય આવતું નથી વધુમાં આરોપી નં ૧ એ સોગંદ ઉપર જુબાની આપવી નથી અને બચાવ ના સાહેદ તપાસવા નથી તેવું જણાવેલ છે વધુમાં આંક ૦૮ અને આંક ૦૯ ના ચેકમાં આરોપી નં ૧ કોમલ દેવાનંદ ની સહી નથી તેવો કોઈ બચાવ આરોપી નં ૧ કોમલ દેવાનંદ એ લીધેલ નથી જેથી આરોપી નં ૧ એ જ આરોપી નં ૩ ની પેઢી વતી પોતાની સ્વૈચ્છાએ સહી કરીને ફરીયાદીને ચેક આપેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે.

૧૬. વધુમાં આ કામે દલીલના સ્ટેજ ઉપર ફરીયાદ પક્ષની દલીલ થઈ ગયા બાદ આરોપી પક્ષ દવારા ક્રિ.પ્રો. કોડની કલમ ૩૧૧ મુજબની અરજી આપવામાં આવેલ અને આ અરજી માં જણાવેલ કે આરોપીના અગાઉના વિદવાન વકીલશ્રી એ નોટીસ ,ચેક,બીલ બાબતે અગત્યના પ્રશ્નો પુછવાના બાકી રહી ગયેલ હોય ફરીયાદીને રી કોલ કરવાનું જણાવેલ જે અરજી લગત ન્યાયીક હુકમ કરી તે અરજી ગુણદોષ ઉપર ના મંજુર કરવામાં આવેલ જો કે આરોપી નં ૧ નું ક્રિ.પ્રો કોડની કલમ ૩૧૩

અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ તેમાં પણ આરોપી નં ૧ એ પોતાને સોગંદ ઉપર જુબાની આપવી નથી અને બચાવના સાહેદ તપાસવા નથી તેવું જણાવેલ હોય જેથી આ કામે આરોપી પક્ષ દવારા પોતાના બચાવમાં કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી .જેથી આરોપી નં ૧ નો સહી કરેલ ચેક ફરીયાદીને આપવામાં આવેલ હોય જેથી આંક ૦૮ અને આંક ૦૯ નો ચેક આરોપી નં ૧ એ આરોપી નં ૩ પેઢી ના દેવા પેટે જ તેની ચુકવણી માટે ફરીયાદીને આપવામાં આવેલ હોવાનું નિશંકપણે પુરવાર થાય છે.

૧૭. વધુમાં ફરીયાદીએ સદર બન્ને ચેક તેઓની બેન્કમાં સ્વીકારાઈ જવા માટે જમા કરાવતાં સદર બન્ને ચેક અનુક્રમે તા.૨૪–૦૫–૨૦૧૬ના રોજ 'ફન્ડસ ઈનસફિશીયન્ટ'''ના શેરાથી પરત આવેલ. જેથી ફરીયાદીએ તેઓના વિ.વકીલશ્રી મારફતે રજી.એ.ડી. થી તા.૩૦–૦૫–૨૦૧૬ ના રોજ કાનુની નોટીસ આપેલ. સદર આરોપીને બજી ગયેલ હોવા છતા અને ફરીયાદીની લેણી રકમ નહિ ચુકવી.

વધુમાં, નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ ની જોગવાઈઓને ઘ્યાને લઈએ તો આરોપીએ એવો બચાવ લીધેલ છે કે, આ કામના ફરીયાદી પાસેથી આરોપી નં ૧ ના પતિએ માલ લીધેલ તેના નાણા ચુકવી દીધેલ છે. વધુમાં આરોપી તરફે દલીલના સ્ટેજ ઉપર આઠ અસલ બીલ રજુ કરેલ છે.અને દલીલ કરેલ છે કે આઠેય બીલની રકમ ફરીયાદીને ચુકવી દીધેલ બાબતે ફરીયાદીએ બીલમાં સહી કરેલ છે. જો કે આરોપી પક્ષ દવારા રજુ થયેલ અસલ બીલ ની કાર્બન કોપી ફરીયાદપક્ષ દવારા રજુ થયેલ છે. જેથી આ કામના આરોપી નં ૩ પેઢીએ ફરીયાદીની પેઢી પાસેથી માલ લીધેલ હોવાનું સ

પષ્ટપણે પુરવાર થાય છે. જો કે આરોપી પક્ષ દવારા રજુ થયેલ બીલમાં ફરીયાદીએ કે ફરીયાદીની પેઢીએ બીલના નાણાં સ્વીકાર કરેલ હોય તે બદલનો ફરીયાદીની પેઢીનો સીકકો નથી તેમજ ફરીયાદની નીચે ફરીયાદીએ કરેલ સહીને દયાને લેતા આ તમામ બીલમાં નાણા સ્વીકાર્યા બદલ ફરીયાદીની સહી જણાય આવતી નથી વધુમાં આ તમામ બીલમાં જે સહી છે તે કોણે કરેલ છે તે માટે આરોપી પક્ષ એ કોઈ પુરાવો રજુ કરેલ નથી .વધુમાં આરોપીઓએ માલના નાણા ચુકવી દીધેલ હોય તેવો બીજો કોઈ પુરાવો આરોપી પક્ષ દવારા રજુ કરવામાં આવેલ નથી.

. વધુમાં, ફરીયાદપક્ષએ પોતાની ફરીયાદના સમર્થનમાં આંક–૦૩ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે અને બચાવપક્ષ દ્વારા થયેલ ઉલટ તપાસમાં પણ આરોપીપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી ફરીયાદીએ આંક ૧૦ મુજબના બીલ રજુ કરેલ છે, જે ધ્યાને લેતાં, કે.એમ.ટેક્ષ્ટાઈસ એ વિશાલ એમ્પોરીયમને બીલ મુજબનો માલ આપેલ હોવાનું જણાંઈ આવે છે અને આરોપીએ પોતાના વિશેષ નિવેદન માં તેમના પતિએ માલ લીધેલ હોવાનું સ્વીકારેલ છે અને આંક–૦૮ થી આંક– ૦૯ મુજબના ચેક ફરીયાદીએ કલીયરીંગ માટે પોતાના ખાતામાં ભરતાં, આંક–૧૪ થી આંક–૧૫ મુજબના રીટર્નમેમા મુજબ 'ફન્ડસ ઈનસફિશીયન્ટ'ના શેરાથી પરત આવેલ હોવાનું સ્પષ્ટપણે જણાંઈ આવે છે અને આંક–૧૪ થી આંક–૧૫ મુજબના રીટર્ન મેમો પરત આવતાં આંક–૧૧ મુજબની નોટીસ આંક–૧૨ થી રજુ આર.પી.એ.ડી.ની પહોંચ મુજબ મોકલાવેલ જે આંક–૧૩ થી રજુ આર.પી.એડીના એકનોલેજમેન્ટ મુજબ આરોપીને પેઢીના સરનામે અને રહેઠાણના સરનામે નોટીસ બજેલ છે. પરંતુ નોટીસમાં જણાવેલ

સમય–મર્યાદામાં ચેકની રકમ ફરીયાદીને ચુકવી આપેલ નથી. જેથી ફરીયાદપક્ષ પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે.

વધુમાં, નામ. સુપ્રીમ કોર્ટના કિશનરાવ વિરૂધ્ધ શંકર ગૌડા ના ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંત મુજબ આરોપીએ પોતાનો બચાવ પોતાના સ્પષ્ટ પુરાવાઓથી કરવાનો રહે છે અને આ કામે આરોપીપક્ષ તરફે પોતાના બચાવમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. જેથી આ કામે રજુ થયેલ પુરાવાઓથી જ એ બાબત સ્પષ્ટ થયેલ છે કે, આ કામના ફરીયાદીને આ કામના આરોપીનં ૩ પેઢી પાસેથી કાયદેસરનું લેણું લેવાનું નીકળે છે. અને તેની ચુકવણી માટે આરોપી નં ૧ એ સહી કરીને ચેક આપેલ છે. આમ, આરોપીપક્ષ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ નું ખંડણ કરી શકેલ નથી જયારે ફરીયાદી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈઓ મુજબ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ ગયેલ છે.

૧૮. ઉપરોકત તમામ હકીકતોને ઘ્યાને લેતાં ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ આંક–૦૭ થી આંક ૧૫ સુધીના આધારોને ઘ્યાને લેતાં આ કામના ફરીયાદી આ કામના આરોપી પાસે આંક–૦૮ અને આંક–૦૯ મુજબના ચેકના નાણા માંગતા હોવાની બાબત સ્પષ્ટપણે પુરવાર થતી હોય આરોપી સામે ધી નેગો. ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ અન્વયેનો ગુન્હો નિશંકપણે પુરવાર થયેલ હોવાનું અદાલત માને છે. આમ, આરોપીનં ૧ એ ફરીયાદી ની પેઢીને આરોપી નં ૩ પેઢીએ લીધેલ માલ પેટે ચેક આપેલ હોવાની હકીકત પુરવાર થયેલ છે અને આરોપીએ ફરીયાદીને ચેકના નાણા ચુકવેલ નથી અને આંક–૦૮ અને આંક–૦૯ ના ચેકની કુલ રકમ રૂા. ૪,૬૪,૧૧૫/– ચુકવી

આપવાની નોટીસ મળવા છતાં ચુકવી આપેલ નથી તે હકીકત સ્પષ્ટરીતે પુરવાર થાય છે. તેવા સંજોગોમાં મુદ્દા નં.૧નો નિર્ણય હકારમાં ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

:: હુકમ ::

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ના ગુના સબબ તકસીરવાન ઠરાવી તેઓને સજા બાબતે સાંભળવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૨૩ મી માહે ઓકટોબર, સને–૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૩/૧૦/૨૦૧૮. **(વિનયકુમાર દશરથલાલ મોઢ)**
સ્થળ : અમદાવાદ. **કોડ નં.જી.જે.૦૧૦૩૩**
અધિક ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ, કોર્ટ નં.–૩૫
અમદાવાદ.

૧૯. સદર કામે આરોપીને સજા બાબતે સાંભળવા માટે ફરીયાદી તથા તેના વકીલશ્રી હાજર છે. આરોપી તરફે તેમના વિ.વ.શ્રી એમ .એમ .શેખ એ સજા અંગે દલીલ કરતાં જણાવેલ છે કે, આરોપી સ્ત્રી છે અને ઘરકામ કરીને પોતાના પરિવારનું જતન કરે છે. તેમજ આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી અને આરોપી સામેનો આ પ્રથમ ગુનો છે.જેથી ઓછામાં ઓછી સજા કરવા જણાવેલ છે.

૨૦. ફરીયાદી તરફે વિ.વ.શ્રી આર.એસ.ભટ્ટ એ દલીલ કરેલ છે કે, આરોપીએ આર્થિક અપરાધ કરેલ હોઈ આરોપીને પૂરેપૂરી સજા તથા વધુમાં વધુ દંડ કરી, ચેકની રકમ વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ કરવા જણાવેલ છે.

૨૧. આ કામે સદર સંજોગો લક્ષમાં લેતાં અને જયારે આરોપીને દોષીત માનવામાં આવેલ છે અને આરોપીએ આપેલ ચેક ફન્ડ ઈનસફિશીયન્ટના શેરાથી પરત આવેલ છે જેથી આરોપીએ આર્થિક અપરાધ કરેલ હોય તે સંજોગોને ધ્યાને લેતાં આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે શિક્ષાપાત્ર ગુનામાં બે વર્ષ સુધીની શિક્ષા અથવા ચેકથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને પ્રકારની સજા અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭ અન્વયે વળતર કેસના સંજોગો પ્રમાણે અપાવી શકાય છે. પ્રસ્તુત કેસના સંજોગોને ધ્યાને લેતાં તથા આરોપીને દોષીત ઠરાવવા માટેના ન્યાય નિર્ણયને વંચાણે લઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>:: આખરી હુકમ ::</u>

(૧) આ કામના આરોપી કોમલ દેવાનંદ દાસાણીને ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી ક્રિ .પ્રો.કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ૧ (એક) વર્ષની સાદી કેદની સજા

ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ આ કામના ફરીયાદીને ક્રિ.પ્રો. કોડની કલમ–૩૫૭(૩) અન્વયે રુા. ૪,૬૪,૧૧૫/– (રૂપિયા ચાર લાખ ચોસઠ હજાર એકસો પંદર પૂરા) વળતર તરીકે દિન–૬૦ (સાઈઠ) માં ચૂકવી આપવા તેમ કરવામાં કસૂર થયેથી આરોપીએ વધુ દિન–૩૦ (ત્રીસ) ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આ હુકમની એક નકલ આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૩ અન્વયે વિનામૂલ્યે ખરી નકલ પૂરી પાડવી.

હુકમ આજ રોજ તા.૨૩ મી માહે ઓકટોબર, સને–૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૩/૧૦/૨૦૧૮.
સ્થળ : અમદાવાદ.

(વિનયકુમાર દશરથલાલ મોઢ)
કોડ નં.જી.જે.૦૧૦૩૩
અધિક ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ, કોર્ટ નં.–૩૫
અમદાવાદ.